## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

આકળવિકળ આંખકાન વરસાદ ભીંજવે,
હાલકડોલક ભાનસાન વરસાદ ભીંજવે,
ચોમાસું નભ વચ્ચે લથબથ સોળ કળાએ ઉગ્યું રે વરસાદ ભીંજવે,
અજવાળું ઝોકાર લોહીની પાંગત સુધી પૂગ્યું રે વરસાદ ભીંજવે,
નહીં છાલક નહીં છાંટા રે વરસાદ ભીંજવે,
દરિયા ઉભા ફાટ્યા રે વરસાદ ભીંજવે,
ઘરમાંથી તોતિંગ ઓરડા ફાળ મારતા છૂટ્યા રે વરસાદ ભીંજવે,

- રમેશ પારેખ

### પાથેય

- રમેશ ઠક્કર

ઉતરતા જેઠ માસે આકાશ સામે મીટ માંડતો જગતનો તાત જીવનના કોઈ આધાર સામે તન્મય થઈ જતો હોય એવું લાગે છે..એમાં રહેલી શરણાગતિ સાધનાની કક્ષાએ પહોંચે છે..ઈશ્વર સાથેનો આવો એકાકાર એ જ કદાચ આપણી જીવવાનો સાર હોય છે..માણસને ખબર છે કે જગત પાસેથી જે મળશે એ ક્ષણિક હશે..એનું ટકાઉપણું તકલાદી હોય છે..ગોરંભેયેલા આકાશમાં જે શાશ્વત સુખ ભરેલું છે એ દુર્લભ છે..આપણે જો વહેલી સવારે જરીક ઉપરતળે નીરખવાનું રાખીએ તો જ આ અજાયબી નો અનુભવ થઈ શકે..

અષાઢના આગમનને આવકારવા થનગનતા કોઈ ગામના પાદરે કદીક પગરવ કરજો..આજની જ વાત કરીએ..આભલું આજે અજાયબ લાગ્યું..પહેલાં એના પટ ઉપર આટલો ઉમંગ ન હતો..નક્કી આ વરસાદી હવાનો જાદુ હશે..ચોમાસું હવે ચારવેંત છેટું હોય એવાં એંધાણ છે..આકાશના આટાપાટા અને હવાના સપાટા એ બીજું કંઈ નથી..એ મનગમતા મેહૂલાને આવકારવાના રિવાજો છે.આપણે તો ઉંધું ઘાલીને ચાલવાનું નીચાજોણું જ કરતા રહીએ છીએ..એટલે આપણી છત ઉપર શું હલચલ થઈ રહી છે એની આપણને ગતાગમ જ હોતી નથી.એક નજર આકાશી ઝરૂખે કરીએ તો રૂપની રાણી જેવી વાદળીઓનાં વદન આપણને મુગ્ધ કરી નાખે છે..

દૂર દેશાવર ગયેલ કોઈ વડિલ વરસે દહાડે વતન પાછો આવે ત્યારે જે થનગનાટ એનાં પરિચિતોમાં જોવા મળે એવો જ તરવરાટ ભીના થયેલા આકાશને જોઈ ઝાડ પાંદડાં અને પક્ષીઓના હલનચલનમાં દેખાય છે..આકાશમાં પોતાનો વ્યાપ માપતા એક લીમડાની ખુમારી જોઈ આભ પણ જાણે મલકી રહયું હતું..!

આભ એ આમ તો આપણને અજાણ્યું લાગતું નથી. આમછતાં આપણી અને એની વચ્ચે આભ જમીનનું અંતર હોય છે !..રોજ રાત્રે તારલાઓની છાબડી બની જતું ગગન વહેલી સવારે અનેક રંગોનો ગુલદસ્તો બની જાય છે..ઘણા લોકો એને અગોચર માને છે..કેટલાક એના ઉંડાણને તાગે છે..ઉતરતા ઉનાળે અને અષાઢના આગમને અંગડાઈ લેતું અંબર અજાયબ જ હોય છે..

આપણે તો નિરૂદેશે એક નજર અનાયાસ નાખી આજે સવારે..અને આભ તો જાણે પરભવનું કોઈ પરિચિત હોય એમ વીંટળાઈ જ વળ્યું..વરસાદી વિરહમાં વિલસતા કોઈ ગામના સીમાડે અષાઢી મિજાજ સાથે પડઘાતું નીતરતા નેહ જેવું આભ શહેરના ચોખંડી ખૂણે પણ એટલું જ પોતીકું લાગતું હોય છે...એમાં એની જન્મજાત ઉદારતા જ કારણભૂત ગણી શકાય. બાકી આપણે ક્યાં સુરેશ જોશી છીએ ? કાકાસાહેબ કાલેલકર પણ નથી કે..નથી કોઈ લલિત લાવણ્યમય લેખિનીના સ્વામી..ઘટાટોપ ગામના ગોંદરે ઉગી નિકળતા કોઈ તરણાનો તરવરાટ કે બાવળના ઘટાટોપ વૈભવ વચ્ચે લપાઈ રહેલા કોઠિંબડાના કુતૂહલ જેવી આપણી આ જાત..આજના આકાશના હયાત હોવાનો જાણે પુરાવો છે !

# ફક્ત વિરોધ ખાતર કરોડોનું પાણી

**તંત્રીસ્થાનેથી...**

રાષ્ટ્રપતિની ચૂંટણી શું બિનહરીફ ન થઈ શકે ? વિપક્ષો સુપેરે સમજે છે કે એ લાખ ઊથલધડા કરશે તો પણ ભાજપના નેતૃત્વ હેઠળના 'એનડીએ'ના ઉમેદવારને માત આપવાની વાત તો દૂર, એનાથી અડધા વોટ પર મેળવી શકે એમ નથી. તો પછી આવી 'ટોકન ફાઈટ' આપી એની પાછળ ટેક્સ પેયરનાં પરસેવાનાં નાણાં વેડફવાનો કોઈ અર્થ ખરો ? શું વિપક્ષો ભેગા મળીને સત્તાધીશોને એક સર્વમાન્ય પ્રતિભા મૂકવાનું સૂચન ન કરી શકે ? બનવાજોગ કે બધે જ ભગવાકરણ કરવાના ઝનૂને ચડેલા વડાપ્રધાન સહિતના સત્તાધારી પાર્ટીના નેતાઓને વિપક્ષો દ્વારા સૂચવાયેલા ગાંધીવાદી કે રચનાત્મક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા અને હિંદુત્વના સિદ્ધાંતને નહીં વરેલા મહાનુભાવો પૈકી કોઈ નામ પસંદ ન પણ પડે. તો શું કોઈ સમર્થ ઉદ્યોગવીર, દાનવીર કે વૈજ્ઞાનિક અથવા સાહિત્યકાર પર નજર ન ઠેરવી શકાય ? રતન ટાટાથી લઈ ઈસરોના પરાક્રમી અંતરિક્ષ વિજ્ઞાનીઓ અને સમર્થ જ્ઞાનપીઠ પુરસ્કૃત સાહિત્યકારો કે બોલીવૂડ કલાકારો પૈકી કોઈ એવું નામ જરૂર ઊપસી આવે જે મોદીને પણ માન્ય હોય અને સોનિયા-મમતા-શરદ પવારથી લઈ સ્ટાનિલ સુધીના નેતાઓને પણ પસંદ હોય. આવી કસરત કરવાથી દેશના બૌદ્ધિકોથી લઈ શ્રમિકો સુધી બધાને 'રાષ્ટ્રપતિ' ની અળપાયેલી ગરિમા પાછી મળતી હોવાનો અહેસાસ થઈ શકશે. આવો પ્રયોગ પાર્ટી લેવલે સંતલસ કરીને અટલ બિહારી વાજપેયીની સરકારે કર્યો હતો. વિપક્ષ પણ એપીજે અબ્દુલ કલામ સામે ઉમેદવાર મૂકવાના મુદ્દે મૂંઝાઈ ગયો હતો. ખાટલે ખોડ મોટી ખોડ કે આપણા નેતાઓને 'કહ્યાગરો' કંથ જોઈએ છે. એ ચુપચાપ એની વૈભવશાળી મહોલાતોમાં બેસી રહે અને આપણી ઈચ્છા મુજબ હા માં હા મિલાવ્યા કરે. ટૂંકમાં એમને કાગળનો વાઘ જોઈએ છે. લાગે કે વાઘ બેસાડ્યો છે - પણ એ નકલી છે. એ કયારેય ઘુરકિયું સુદ્ધાં કરવાનો નથી. ચૂંટણી એ લોકશાહીની વિચિત્ર વિડંબના છે. બારે માસ કયાંક ને કયાંક ચૂંટણી ચાલતી જ હોય છે. ગ્રામ પંચાયતથી લઈ લોકસભા-રાજયસભા અને રાષ્ટ્રપતિ પદ - ઉપરાષ્ટ્રપતિ પદ સુધીની ચૂંટણી પાછલ દેશના અદના આદમીના પરસેવાની કમાણી જ વપરાય છે. એથી વધારે વેડફાય છે. એમાં કાળા નાણાંની રેલંછેલ ચાલે છે. અંતે આપણને કોઈ સાવ અજાણ્યો ચહેરો એકાએક રાષ્ટ્રપતિના સર્વોચ્ચ બંધારણીય પદ પર આરૂઢ થતો વપરાત છે. એકાદ માસ અગાઉ 'નેતા' આગળ લળી લળીને સલામ ભરનારો, એમને એરપોર્ટ પર રિસીવ કરનારો પ્રોટોકોલ પાળનારો ગર્વનર રાષ્ટ્રપતિ બની જાય છે જે હવે વડાપ્રધાનનો 'સાહેબ' ગણાય છે. વિપક્ષોએ રાષ્ટ્રપતિ પદ માટે શરદ પવારને દાણો ચાંપીજોયો. શરદ પવારે નનૈયો ભણી દીધો એ સમાચાર તો વહેતા થઈ ગયા. શાણા શરદ પવાર સામે સુનિશ્ચિત હાર દેખાતી હોય એવી ચૂંટણી લડીને દુઃખી થવા ન જ માગે. પણ એમને 'રાજકીય ગુરુ' કહી બિરદાવનારા નરેન્દ્ર મોદી એક ફોન કરીને એમને પૂછે કે 'રાષ્ટ્રપતિ બનવું છે?' તો એમની કેવી પ્રતિક્રિયા હોય તે સમજી શકાય એમ છે. સર્વમાન્ય રાષ્ટ્રપતિ બનવા કોણ તૈયાર ન હોય ? વિપક્ષોએ વિકલ્પે ગાંધીજીના પૌત્ર ગોપાલકૃષ્ણના નામ પર પણ વિચારણા શરૂ કરી છે. ૨૦૧૭માં તેઓ ઉપરાષ્ટ્રપતિ પદના વિપક્ષી ઉમેદવાર હતા જ. એમની સરખામણીએ ઘણી ઓછી યોગ્યતા ધરાવતા વેંકૈયા નાયડુ સામે એમને નિશ્ચિતપણે હારવાનું જ હતું. લોકશાહી મૂલ્યો ખાતર ગોપાલકૃષ્ણ ગાંધી જેવા ઉમેદવાર હારવાની ખાતરી સાથે રાષ્ટ્રપતિની ચૂંટણી લડે પણ એથી પ્રજાના પૈસાનો તો ધુમાડો જ થવાનો કે બીજું કંઈ ? મમતા બેનરજી હવે પોતાની આગવી સ્ટાઈલથી સ્વઘોષિત વિપક્ષી એકતાના મંચના નેતા તરીકે બધા જ વિપક્ષોને બોલાવી રાષ્ટ્રપતિ પદ માટેની ચૂંટણીની વ્યૂહરચના વિચારી રહ્યાં છે. દેખીતી રીતેજ એમની બંગાળી પ્રતિસ્પર્ધી વામપંથી પાર્ટીના નેતા સીતારામ યેચુરી કે કેરળના ડી.રાજાને એમની આ 'જોહુકમી' ગમી નથી. છતાં તેઓ વિપક્ષી એકતાના વિચારને સમર્થન આપતા હોઈ પોતાની જુનિયર પ્રતિનિધિઓને એમની બેઠકમાં મોકલશે. કૂતરાનાં સંઘ વાળી કહેવતકથા જાણીતી છે.

# હાજરીમાં જે તમારાથી ડરે એ ગેરહાજરીમાં ધિક્કારે છે

ત્રીજા પરણામ મારા, ગુરુજીને કહેજો રે
જડ્યા કે ન જડિયા તોયે સાચાજી;
એકનેય કહેજો એવા સૌનેય કહેજો, જે જે
અગમનિગમની બોલ્યા વાચાજી.

-રા.વિ. પાઠક 'શેષ'

● ● ● ●

તૈતરિય ઉપનિષદમાં 'માતૃદેવ ભવ, પિતૃદેવો ભવ' ની સાથે આચાર્ય દેવો ભવ કહીને ગુરુનું મહત્ત્વ માતા-પિતાની સમાન ગમાવ્યું છે. 'ગુરુ સાક્ષાત્ પરબ્રહ્મ' કહીને ગુરુની સર્વોપરીતાનો સ્વીકાર કરવામાં આવ્યો છે. બાળકને જન્મ આપી પાલન-પોષણ મા-બાપ કરે છે, પરંતુ તેને સંસ્કારી, સુસભ્ય, નાગરિક બનાવવાની જવાબદારી તો આચાર્ય (ગુરુ) ની છે. આવા મહાન ઉત્તર દાયિત્વને લીધે જ 'ગુરુ' માનવ સમાજને દેવતા ગણાય છે. આપણે ત્યાં મા-બાપ અને ગુરુ એ ત્રિદેવ ગણાય છે. પૂ. મોરારિ બાપુ તો એવું કહે છે, 'માતૃદેવો ભવ એ સત્ય છે, પિતદેવો ભવ એ પ્રેમ છે અને આચાર્ય દેવો ભવ એ કરુણા છે. આ એક ત્રિકોણ છે.'

ગુજરાતી શબ્દકોશમાં ગુરુ એલટે વિદ્યા આપનાર, ભણાવનાર, ધર્મોપદેશક, કર્મકાંડી બ્રાહ્મણ, ગોર, પુરોહિત, શુક્લ, મંત્રદાતા, શિક્ષક, માતાપિતા, વડીલ, અક્કથી કામ કરવાની આવડતવાળો માણસ, શાબાશી આપી કામ કઢાવનાર,આચાર્ય, ધર્મ ઉપદેશ કરાવનાર, મોક્ષમાર્ગ દર્શાવનાર, સંપ્રદાય પ્રવર્તક, પૂજ્ય, માન આપવાલાયક.... જો કે સાદો અર્થ તમે જેની પાસેથી કોઈ પણ જાતનું જ્ઞાન પ્રાપ્ત થાય અને જે પ્રાપ્ત કરાવે તે ગુરુ.

દોસ્તો,ભારતભૂમિ જ્ઞાનની ભૂમિ છે. ભારતીય બ્રહ્મોરત એવું કહેવાયું છે. 'ભા' એટલે જ્ઞાન અને 'રત' એટલે મગ્ન, લીન.... વેદ - ઉપનિષદના તત્ત્વજ્ઞાનથી પરિપ્લાવિત થયેલી આ ભૂમિને સમર્થ ગુરુઓને કેળવી છે. અનેક સામ્રાજયો આવ્યાં ને ગયાં પરંતુ આપણા ગુરુઓની વિચાર સંપદા અને સામાજિકતા અકબંધ - અક્ષુણ્ય છે. 'ગુરોસ્તું મૌન વ્યાખ્યાનમ્' ગુરુનું મૌન પણ વ્યાખ્યાન બની જાય છે. જે ગુરુનું શાણપણ એકાંતમાં ઊગે. મૌનમાં વિકસે અને જીવન વ્યવહારમાં પ્રગટે એ જ સાચા ગુરુ.' એટલે જ કહેવાયું છે, Teachers are the backbone of the society શિક્ષકો સમાજની કરોડરજ્જુ છે.



લાગણીનો મેળો
રસિક વાળંદ

દેશની મોંઘામૂલી બાળ સંપત્તિને સંસ્કાર, વિદ્યા અને માર્ગદર્શન આપી સુપંથે વાળવાની જવાબદારી શિક્ષકના શિરે છે. પુસ્તકિયા જ્ઞાન સિવાય આત્મસૂઝ કેળવનારી વાતો થકી વિદ્યાર્થીના માનસને નીતિ, ફરજ, હક, પ્રામાણિકતા, સત્યનિષ્ઠા, વચન, શિસ્ત, નિયમિતતા, જવાબદારી, વફાદારી, દેશપ્રેમના પાઠ પાકા કરાવી સ્વ વિકાસ કરાવી સમાજને સુંદર બનાવવાની કળા શિક્ષક સિવાય બીજા કોની પાસે હોય ?! શિક્ષક તો શાંતિમય ક્રાંતિનો અગ્રદૂત ગણાય છે.

ઉપનિષદકાળમાં 'જ્ઞાન' શબ્દની મહત્તા જોવા મળે છે. બ્રહ્મજ્ઞાન, આત્મજ્ઞાન, આધ્યાત્મજ્ઞાન વગેરે.... મધ્યકાળમાં 'વિદ્યા' શબ્દ વ્યાપક થયો. અસ્ત્રવિદ્યા, શસ્ત્રવિદ્યા,... ગીતાકારે તો જ્ઞાન અને વિદ્યાનો સમન્વય કર્યો. જ્ઞાનવિજ્ઞાનયોગ (અધ્યાય-૭) અને રાજવિયા - રાજગૃહ્યયોગ (અધ્યાય-૯) આમ ઉપનિષદકાળમાં જ્ઞાન ગુરુઓ દ્વારા અપાતું, પૌરાણિકકાળમાં વિદ્યા આચાર્ય પાસેથી પ્રાપ્ત થતી. આજે 'શિક્ષણ' ની બોલબાલા વધી છે. આજનો યુગ 'શિક્ષણયુગ' છે. શિક્ષણ શબ્દ 'શિક્ષા' પરથી આવ્યો, 'શિક્ષા' એટલે દંડ. અર્થાત્ત ફરજિયાતપણે સામી વ્યક્તિને સામાજિક શિષ્ટાચાર અને સુયોગ્ય વ્યવહાર તરફ વાળવો. અહીં 'જીવન શિક્ષણ'ની વાત આવી.

આજકાલ સમાજમાં શિક્ષણ અને શિક્ષણ વિશે ટીકા ટીપ્પણી થતી જોવા મળે છે. ભણાવવા માટે રુપિયા - પૈસા લેવાની વાતો ચાલે છે. આપણે સૌ જાણીએ છીએ કે જીવન નિર્વાહ માટે ધન અતિ આવશ્યક છે. એકકાળે સદ્ગુરુઓ, ભક્ષાટનથી જીવન નિર્વાહ કરતા. આપણા આચાર્યોને રાજકોશમાંથી ધન મળતું.આજે જ્ઞાન-વિદ્યા-શિક્ષણના પર્યાય બદલાયા. આજના સંદર્ભે તો શિક્ષક - વિદ્યાર્થી વચ્ચે વેપારી અને ગ્રાહકના સંબંધ પ્રસ્થાપિત થયા છે. આજનો શિક્ષક તો વિદ્યાર્થીને મન ફેસિલીટેટર છે. ટ્યુશનો અને કલાસીસના રાફડા ફાટ્યા છે. શિક્ષણ ઉદ્યોગ બન્યો છે. આખું વિશ્વ આધુનિકતાના રંગે રંગાયું છે. અર્થ ઉપાર્જન પાછળની આંધળી દોટમાં શિક્ષક કયાંથી બાકાત રહે છે ?!

અનુસંધાન પાના નં. ૭ પર

### દિન મહિમા

- ૨૦૧૦માં ભૂતાને તમાકુ પર સંપૂર્ણ પ્રતિબંધ મૂક્યો.
- મિથુન ચક્રવર્તીનો જન્મદિવસ, ભારતીય અભિનેતા.
- ચિત્તરંજનદાસની પુણ્યતિથિ, ભરતીય દેશભક્ત અને સ્વાતંત્રતા સેનાની.

### આજનું ઔષધ

- કાનખજૂરો કાનમાં ગયો હોય તો સાકરનું પાણી કરી કાનમાં નાખવાથી કાનકજૂરો નીકળી જશે અને આરામ થશે.

### ખડખડાટ

- એકવાત હંમેશા યાદ રાખજો 'Fast Food' માં 'S' ખાલી તમને બેવકૂફ બનાવવા માટે મૂકવામાં આવ્યો છે.

### આજનું વોટ્સએપ

- જીવનની દરેક સવાર કેટલીક શરતો લઈને આવે છે અને જીવનની દરેક સાંજ કેટલાક અનુભવ આપીને જાય છે.

# યુવતીઓ એના જેવો બહાદુર પતિ મેળવવાનાં સપનાં જોતી હતી

''રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા''- ભલે આટલું બધું લાંબું અને અઘરું બોલતાં ગામવાળાંઓને આવડતું નહોતું પણ ગૌરવ તો એટલું જ હતું એ એવોર્ડ ધરાવનાર માટે. ભીમસિંહ ગામનો પનોતો પુત્ર હતો. આ શૂરવીર અને પરાક્રમી યુવાનનાં ગુણલાં ગાતાં ગામ થાકતું નહોતું. અને એના ગામ જ નહીં, ગામેગામ એની કીર્તિ પહોંચી ગઈ હતી. ભારતીય સેનાની એ શાન હતો. સરહદ પર લડાયેલા યુદ્ધમાં એણે બતાવેલું શૌર્ય બેનમૂન હતું. માતાઓ પોતાનાં સંતાનોને એની મિસાલ આપતી હતી, સૈન્યના જવાનો એને પોતાનો રોલમોડેલ માનતા હતા, યુવતીઓ એના જેવો બહાદુર પતિ મેળવવાનાં સપનાં જોતી હતી.

જે યુવતીઓ એના જેવો પતિ મેળવવાનાં સપનાં જોતી હતી એમાં બાજુના ગામમાં રહેતી રૂપાળી રૂપલી પણ સામેલ હતી. રૂક્મિણીએ શ્રીકૃષ્ણની ગાથાઓ સાંભળીને જ એમને પતિ માની લીધા હતા એમ રૂપલીએ પણ ભીમસિંહની પરાક્રમગાથાઓ સાંભળીને ઊંઘમાં બંધ આંખે એના ગળામાં વરમાળા પહેરાવી દીધી હતી અને ઊઘાડી આંખે એના આવવાની રાહ જોઈ રહી હતી. જો યુગો પહેલાં પણ પ્રિયતમાનો સંદેશો પ્રિયતમ સુધી પહોંચતો હોય તો આ જમાનાની તો વાત જ શું કરવી! રૂપલીએ મોકલેલો સંદેશો પ્રિયતમ સુધી પહોંચી ગયો અને પરાક્રમો માટે પ્રખ્યાત પ્રિયતમે રૂપલીના ગામની વાટ પકડી લીધી.

રૂપલીએ સંદેશો મોકલ્યો હતો કે સમી સાંજે એ ગામના પાદરે એની વાટ જોતી બેઠી હશે. ભીમસિંહ ત્યાં ઘોડા ઉપર પહોંચ્યો ત્યારે રૂપલી ખરેખર વાટ જોતી હતી. ભીમસિંહની આંખો અંજાઈ ગઈ. આટલું બધું રૂપ? એમ તો એ પોતે પણ દેખાવમાં ઠીક-ઠાક હતો પણ રૂપલી તો માખણ ભરેલી હાંડી હતી. સામે રૂપલીએ ધાર્યો હતો એવો તો એ ન લાગ્યો પણ એ તો એના પરાક્રમ પર ઓવારી ગઈ હતી ને! શ્રીકૃષ્ણે રૂક્મિણીનું હરણ કરી લીધું.

આજુ-બાજુના ચાર ગામમાં હો-હા થઈ ગઈ. કારણ બે હતાં- રૂપલી અને ભીમસિંહનાં લગ્ન અને કાગડાનું દહીંથરાને લઈ જવું! ઈર્ષાળુઓ તો ખુલ્લેઆમ બોલતા હતા, ''ક્યાં આ રૂપની પૂતળી અને ક્યાં આ સામા કાને સૂપડકન્નો! રૂપલીએ જરાકે ય વિચાર ન કર્યો! ગામમાં કેટલા ય સોહામણા જુવાન આંટા મારે છે! અરે, બીજો કોઈ નહીં તો આ દેવના ચક્કર જેવો અરજણ ન દેખાયો?''

અને વાતે ય સાચી હતી. ભીમસિંહના પરાક્રમ પાછળ એના ''સૂપડકન્ના કાન'' ઢંકાઈ ગયા હતા. એના સામાન્ય ચહેરા ઉપરના આ અસામાન્ય કાન ગામમાં મજાક-મશ્કરીનો વિષય બની ગયા હતા પણ ત્યાં સુધી જ જ્યાં સુધી ભીમસિંહની અપ્રતિમ શૂરવીરતાનો ગામને પરિચય નહોતો થયો. ત્યાં સુધી તો ભીમસિંહને એના નામથી ભાગ્યે જ કોઈ ઓળખતું હશે! ''સામા કાને સૂપડકન્નો'' એ ભીમસિંહનો પર્યાયવાચી શબ્દ બની ગયો હતો! અને એ સાવ ખોટું પણ નહોતું. સામાન્ય માણસના કાન એના ચહેરા સાથે જડાયેલા હોય છે જ્યારે ભીમસિંહના કાન સામે જે ઊભું હોય એને પોતાની તરફ સૂપડાની જેમ વળેલા દેખાતા!

પાછું, પૂર્વ અને પશ્ચિમ જેટલા વિરુદ્ધ દિશામાં એટલા જ વિરુદ્ધ ભીમસિંહ અને એનો નાનો ભાઈ અરજણ દેખાવમાં! અરજણ મહાભારતના અર્જુન જેવો રૂડો-રૂપાળો! પાછો વરણાગિયો ય ખરો! ગામને મોઢે કંઈ ગળણું બંધાય છે? બધાં વાતો કરતાં કે રૂપલીએ જો અરજણને પહેલાં જોયો હોત તો આ ''સામા કાને સૂપડકન્ના''ને જોવાની ય ના પાડી દીધી હોત!

ને પાછો અરજણ ય આખો દિવસ રૂપલીની આગળ-પાછળ ફરી-ફરીને એની સાથે મજાક-મશ્કરી કરતો રહેતો. રૂપલીને પણ દિયરની સાથે ફાવી ગયું હતું. ભીમસિંહનાં મા-બાપ બે ય ભાઈઓને નાના મૂકીને સ્વર્ગે સીધાવી ગયાં હતાં તે પછી ભીમસિંહે જ અરજણને મોટો કર્યો હતો. એના બધા કોડ પૂરા કર્યા હતા.

પણ એટલે કંઈ એની ઘરવાળી ઉપર નજર થોડી નખાય? થોડોક વખત તો ભીમસિંહે સમસમીને વીતાવ્યો. પણ પછી એનાથી રહેવાયું નહીં. તે દિ' રૂપલી કેસરવર્ણી ચૂંદડી ઓઢીને ઉતાવળી ચાલે ઘરમાંથી બહાર નીકળવા જતી હતી ત્યાં ભીમસિંહે એને અટકાવી, ''ક્યાં હાલી?'' રૂપલી એની સામે નજર નોંધીને બોલી, ''ક્યાં, તે ખેતરે. અરજણને જમવાનું કોણ આપશે?'' ભીમસિંહનો ચહેરો લાલઘૂમ થઈ ગયો, ''તારા જમાડયા વગર ઈ નહીં જમે?'' રૂપલી પણ વટનો કટકો હતી. એની આંખોમાંથી અંગારા ખર્યા, ''ના, નહીં જમે. બીજું કોણ સે એને જમાડનાર?'' ભીમસિંહના મોંઢામાંથી શબ્દો ખર્યા, ''તું કેવી છો ઈ જાણ્યા વગર જ તારી હારે સંસાર માંડ્યો ઈ મારી ભૂલ.'' રૂપલી સામે ગરજી, ''મેં ય તને જોયા વગર દલડું દઈ દીધું ઈ મારી ભૂલ, સામા કાને સૂપડકન્ના!'' થઈ રહ્યું. વાત વધી ગઈ.



સ-રસ
મમતા બુચ

રૂપલીએ એના પિયરમાં જઈને મા-બાપના પગ પકડ્યા. પોતે ઉતાવળે ભાગીને લગન કરી લીધાં એની મોંઢામાં તરણું લઈને માફી માંગી. પાછી ભીમસિંહ પાસે નહીં જાય એવું જાહેર કરી દીધું. માએ હળવેકથી ભીમસિંહ હારે છૂટું કરીને બીજે ઘર માંડવાની વાત કરી ત્યારે રૂપલી નીચું જોઈને બોલી કે હવે મોડું થઈ ગયું હતું. એ બેજીવી હતી. એ આ વાત ભીમસિંહને પણ કરે એ પહેલાં એને ઘર છોડવાની નોબત આવી ગઈ હતી.

વાત વાયુવેગે પ્રસરી ગઈ. ભીમસિંહના ''સૂપડકન્ના કાન'' સુધી પણ પહોંચી ગઈ. એને રહી-રહીને એક જ સવાલ સતાવતો હતો કે રૂપલીને દા'ડા રહ્યા હતા તો એણે એ વાત એને કેમ ન કરી? ગામમાં તો વાત ઊડતી હતી કે કોને ખબર એ બાળક ક્યાંક અરજણનું...... ભીમસિંહ તો ઝાઝો સમય સરહદ પર રહે છે. અને ભીમસિંહના ''સૂપડકન્ના કાન'' આ સાંભળીને સળગી ઉઠતા હતા.

જો કે એને રૂપલી યાદ તો બહુ આવતી હતી. એકાદ વાર રૂપલીની બહેનપણી સવિતા સાથે એણે મળવા જવાનો સંદેશો ય મોકલ્યો હતો. પણ રૂપલીનો જવાબ આવ્યો હતો કે જે પુરુષાતન જોઈને એ પરણી હતી એ પાછું પ્રગટે ત્યારે આવજે. તે પછી ભીમસિંહને પણ હાડોહાડ લાગી આવ્યું હતું. આટલો બધો વળ? ભલે રહેતી એના પિયર.

પણ આજે રૂપલીએ દિકરાને જનમ આપ્યો છે એવા સમાચાર સાંભળીને એ જાતને રોકી ન શક્યો. મારતે ઘોડે એ રૂપલીના ગામ પહોંચી ગયો. અને કંઈ વિચાર્યા વગર રૂપલીના ઘરમાં પહોંચી ગયો. અંદરના ઓરડામાં રૂપલી સૂતી હતી. અને એની સોડમાં નવજાત દિકરો લપાયો હતો. એ નાનકડા ફૂલની સામે જોતાં જ ભીમસિંહના બત્રીસે કોઠે દીવા પ્રગટી ગયા! ચહેરા ઉપર સ્મિત વેરાઈ ગયું! રૂપલીના રૂપાળા ચહેરા ઉપર આછો રોષ, ઝાઝી ખુમારી અને અદકેરું વહાલ હતાં. દિકરાને સોડમાં લેતાં એની સામે જોઈને એ બોલી, ''તારા જેવો સામા કાને સૂપડકન્નો!''

# તમારી પાસે બ્રેડ નથી તો કેક ખાઓ

ફ્રાન્સની રાણી મારીયા એંટોનેટ વિશેના એક પ્રચલિત કિસ્સા મુજબ જ્યારે ફ્રાન્સની પ્રજા ભૂખે મરી રહી હતી અને એમણે રાણી આગળ ફરિયાદ કરી ત્યારે રાણીએ કહેલું કે જેમની પાસે બ્રેડ નથી એ લોકો કેક ખાઈ લે.

બની શકે કે રાણી કદી હાથમાં થેલી લઈને દુકાને ખરીદી કરવા નહોતા ગયાં એટલે એમને કદાચ એ ખબર જ નહોતી કે કેક બ્રેડ કરતાં મોંઘી પડે. જે ગરીબ પ્રજાને બ્રેડ તક ખરીદવાના ફાંફાં હોય ત્યાં કેક વિશે વિચાર પણ ના કરી શકાય. ખેર, ત્યારથી લઈને આજ સુધી રાણીના એ એક વાક્યના બુદ્ધિજીવીઓએ કેટલાય અલગ અલગ મતલબ કાઢ્યા અને જરૂર પડી ત્યાં વાપરી પણ લીધાં. આજે મારેય એ વાક્ય વાપરી લેવું છે, પણ સહેજ અલગ રીતે, મારી સ્ટાઈલમાં!

આજે કેટલા બધા લોકો એવા છે જેમના ઘરમાં શેર માટીની ખોટ હોય. દવાથી લઈને દુઆ અને છેલ્લે મંત્રેલા દોરા સુધીના બધા રસ્તા અજમાવી લીધા બાદ પણ એમના ઘરમાં બાળકની કિલકારી ના સંભળાઈ હોય. આવા લોકો પાસે ભલે ગમે એટલું સુખ હોય અંદરથી તો એમની જિંદગી ખાલીખમ હોય છે. એક શેઠની વાત કરું... શેઠ અને શેઠાણી એમની લાંબી ગાડીની બહાર આવ્યાં અને એકબીજાના વિલાયેલા ચહેરા સામે જોઈ પરાણે મોઢું થોડું હસતું દેખાય એવું કર્યું. એમના મનમાંની માબાપ બનવાની આશા હવે ધીરે ધીરે દમ તોડી રહી હતી. કોઈક પારકાને પોતાનું કરવું એમને માટે સરળ નહોતું છતાં એ આવ્યાં હતાં, આ નખરાળી જિંદગીને એક નવી તક આપવા.

એ લોકો જે ઈમારતમાં જઈ રહ્યાં હતાં એનો બધો કાર્યભાર સંભાળનાર અડધી સદી વટાવી ગયેલા, ધોળાં વાળ ને ધોળાં ધોતિયા વાળા ભગવાનકાકા તરત એ લોકો તરફ દોડ્યા. એમને સારી રીતે ખબર હતી કે અહીં આવનાર માણસના મનમાં કેટલાય વિચારો ચાલું હોય છે અને સહેજ વાંકું પડતા જ એ લોકો તરત પાછા વળી જઈ શકે છે.

માનવ જીવન મળ્યું જ છે તો બને એટલું કોઈના કામમાં આવવું એવું માનનારા આ ભગવાનકાકા એક અનાથાશ્રમનું સંચાલન કરે છે. આપણાં દેશમાં દાતાઓની કમી નથી એટલે અહીં રહેતાં છોકરાઓ માટે ખાવાની, ભણવાની વ્યવસ્થા થઈ જાય છે પણ કાકાને એનાથી સંતોષ નથી. એમને તો આ બાળકોને માટે એમના માબાપ, એક પરિવાર જોઈએ છે અને એટલે જ જ્યારે પણ કોઈ બાળકને દત્તક લેવા આવે ત્યારે એ રાજી રાજી થઈ જાય છે.

''મારી જાણ મુજબ આપને નાની ઉંમરનું બાળક દત્તક લેવું છે. અમારે ત્યાં ઘણા બધા બાળકો છે એક તો હજી સાત જ વરસનો છે, ગઈ સાલ જ કોરાનામાં એના માબાપ ગુજરી ગયાં. બીજા પણ હોશિયાર અને સમજદાર બાળકો છે." આગળ શું કહેવું એ બાબતે કાકાને મૂંઝવણ થઈ અને એ ચૂપ થઈ ગયા. એમને માટે તો અહીં વસતું દરેક બાળક સુંદર હતું, માસૂમ હતું, ગમી જાય તેવું હતું. એ મનોમન ભગવાનને વિનવી રહ્યા કે આ શેઠ આજે એક બાળકનો હાથ પકડી લે તો એનું ભવિષ્ય સુધરી જાય.

કાકાએ બૂમ પાડી અને એક માણસે તરત બાજુના ઓરડામાં બેઠેલા બધા બાળકોને હાજર કર્યા. એ બધા છોકરા એક લાઈનમાં ઊભા શેઠ શેઠાણી સામે જોઈ મીઠું હસી રહ્યાં. એમને ખબર નથી કે એમના શરીરનું કયું અંગ જોઈ આ લોકો એમની પસંદગી કરી લેશે, એમને પોતાનો દીકરો માની લેશે અને એમની સાથે ઘરે લઈ જશે.

શેઠ શેઠાણી એક એક કરીને બધા બાળકો આગળથી પસાર થયાં. શેઠજીને કહેવું હતું કે જે ઉંમરમાં સૌથી નાનું બાળક હોય એને એકલાને જ દેખાડો ને, બધાને જોવાની શી જરૂર છે, પણ સંકોચવશ એ ચૂપ રહ્યા.

કાકાની માન્યતા મુજબ દરેક બાળકને પસંદગી પામવાનો સરખો અધિકાર હતો. જે લોકો હવે મોટા થઈ ગયા છે એમને એમ ના થાય કે અહીં દત્તક લેવા આવનાર દરેકને ઘોડિયામાં ઝૂલતું હોય એવડું જ બાળક જોઈએ છે અને હવે એ લોકો મોટા થઈ ગયા એટલે એમને લેવા કોઈ નહીં આવે. આશ્રમનો નિયમ હતો કે જ્યારે પણ કોઈ બાળકને દત્તક લેવા આવે ત્યારે એમને બધા જ બાળકો એક વાર જરૂર બતાવવા, કોણ જાણે ક્યારે કોનું ભાગ્ય જોર કરી રહ્યું હોય!

જે નવો છોકરો આવેલો એની આગળ શેઠ શેઠાણી પૂરી ચાર મિનિટ ઊભા રહ્યાં. એના વાળ, નખ, દાંત, શરીરનો રંગ બધું એ લોકોએ નોંધ્યું. કાકા માટે આ પળો ખૂબ અકળાવનારી હતી. એમના મતે અહીંનું દરેક બાળક એક જીવતું જાગતું માણસ છે, કોઈ દુકાનમાં રાખેલો શો પીસ નથી અને જે લોકો અહીં બાળકને દત્તક લેવા આવે છે એ એમની ગરજે આવે છે. આ બાળકો અનાથ છે તો સામે છેડે એ લોકોય બાળક માટે ઝુરી રહ્યાં છે. જરૂરિયાત બંનેની સરખી છે ત્યારે આ પસંદગીનું નાટક બને એટલું જલદી આટોપાઈ જાય એવું એ ઈચ્છતા.



નખરાળી જિંદગી
નિયતી કાપડીયા

શેઠને નવો આવેલો છોકરો ગમ્યો હતો. એ બધી વાતે એમની પસંદગીને અનુરૂપ હતો પણ એમણે કશું કહ્યું નહીં. હકીકતે એમને એક ડોકટરે પાકી ખાતરી આપી હતી કે આઈવીએફ ટેકનોલોજી થકી શેઠને ત્યાં એમનું પોતાનું બાળક જનમ લેશે. શેઠને આ પ્રસ્તાવ ગમ્યો હતો. પોતાનું બાળક મળતું હોય તો લાખો રૂપિયા ખર્ચાય એનો એમને વાંધો નહોતો. ચાર વાર ડોકટરે પ્રયત્ન કરી જોયેલો છતાં પરિણામ નહોતું મળ્યું અને ત્યારે જ શેઠજીને આ ભગવાનકાકાનો ફોન આવેલો. શેઠજી હજી વિચારમાં હતા કે શું કરવું? પોતાનું બાળક આવશે જ એની રાહ જોઈ બેસી રહેવું કે પછી કોઈ અનાથને અપનાવી લેવું? ઉંમર વીતી રહી હતી, માબાપ બનવાની આશા હવે અંતિમ શ્વાસ લઈ રહી હતી ત્યારે શું કરી શકાય?

આવા સમયે હું શેઠને કહીશ કે તમને બ્રેડ નથી મળી રહી તો કેક ખાઈ લો! આ જે મીઠું મધ જેવું હસતું બાળક તમારી સામે જોઈ રહ્યું છે એને અપનાવી લો... તમારા ઘરમાં જે બાળક જનમે, એ કેવું હશે એ વિશે તમે ફક્ત અનુમાન લગાવી શકો છો, એને વિશે ખાતરીપૂર્વક કશુંય કહી ના શકાય જ્યારે અહીંયા તમને એ જોવાની તક મળે છે. તમારે દીકરો જોઈએ કે દીકરી એ પસંદગી કરવાનો અવકાશ છે. તમારે રૂપાળું સંતાન જોઈએ કે ભણવામાં હોશિયાર કે ચબરાક એ પણ તમે અનાથ બાળકો વિષે થોડુક જાણીને નક્કી કરી શકો છો. તમારા ઘરે પાછલી અવસ્થામાં બાળક જનમ લે ત્યારે એ સ્વસ્થ જ હશે એની ગેરંટી દુનિયાનો કોઈ ડૉકટર નથી આપતો અહીંયા તમે બાળકની તંદુરસ્તી વિશે જાણી શકો છો. ઉપરાંત તમારું પાછલી અવસ્થામાં જન્મેલું બાળક થોડું સમજણું થઈ સ્કૂલે જતું થાય ત્યાં સુધીમાં તો એક દાયકો ગુજરી જાય. હવે વિચારો કે તમે ત્યારે કઈ ઉંમરે પહોંચી ગયા હશો...

ચાલીસ વરસ બાદ તમે પિતા બનવા માટે ડોકટરને ત્યાં આંટાફેરા કરી રહ્યા હો તો મારું તમને એક નમ્ર સૂચન છે, એકવાર કોઈ અનાથાશ્રમમાં ચક્કર જરૂર મારી આવજો. માબાપ માટે તલસી રહેલાં એ નાના ભૂલકામાં બની શકે છે કોઈક તમને પોતાનું લાગે અને એવું લાગે તો તરત જ એ બાળકની આંગળી પકડી એને તમારા જીવનમાં લઈ આવજો. એનામાં તમારા સંસ્કાર અને પ્રેમનું સિંચન કરતાં જજો અને પછી જોજો એક દિવસ તમે જ ભૂલી જશો કે આ તમારું પોતાનું લોહી નથી.

**અમસ્તું,**

લોહીનો બાટલો ચઢાવવાની જરૂર ઊભી થાય ત્યારે તમે ડોકટરને પૂછો કે આ લોહી કયા ધર્મના કે કઈ જાતના માણસનું છે? તમારા શરીરમાં ભળી એ તમારું જ બની રહે છે ને...

@KapadiaNiyati